https://tv9gujarati.com/gujarat/gandhinagar/edi-and-ntpc-join-hands-to-empower-women-through-entrepreneurship-825792.html

# EDI અને NTPCએ ઉદ્યોગ સાહસિકતા દ્વારા મહિલા સશક્તિકરણ માટે મિલાવ્યો હાથ

TV9 GUJARATI | Edited By: Sagar Solanki
Updated on: Aug 12, 2023 | 10:38 PM

EDI અને NTPCએ મહિલા સશક્તિકરણ માટે હાથ મિલાવ્યાં. એમઓએ અંતર્ગત ઇડીઆઇઆઇ એનટીપીસી નોઇડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઇઝની રચના કરવામાં સહયોગ કરશે.



ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય **(EDII)** ની માન્યતા ધરાવાત સેન્ટર ઓફ એક્સલન્સ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા **(EDII)** એ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ **(EDII)** ના સીએસઆર વિભાગ સાથે શુક્રવારે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ **(EDII)** ઉપર હસ્તાક્ષર કર્યાં છે.

આ એમઓએ અંતર્ગત ઇડીઆઇઆઇ એનટીપીસી નોઇડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઇઝની રચના કરવામાં સહયોગ કરશે. વધુમાં ઇડીઆઇઆઇ વંચિત મહિલાઓના લાભાર્થે કોલ્ડ કોમ્પ્રેસ્ડ ઓઇલ યુનિટની સ્થાપના પણ સુનિશ્ચિત કરશે. સહભાગી મહિલાઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન દ્વારા આ પહેલને મજબૂત કરાશે.

એનટીપીસીએ તેની સીએસઆર પહેલ અંતર્ગત મહિલાઓને સશક્ત કરવા તથા તેમને ઉદ્યોગસાહસિક અને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિના ભાગરૂપે આ પહેલ કરી છે. સ્વ-સહાય જૂથની કુલ 30 મહિલાઓને એક વર્ષના સમયગાળામાં સ્વતંત્ર અને સશક્ત કરાશે. એક્સેંચર, એચએસબીસી, ટાટા કમ્યુનિકેશન્સ, એમેઝોન ઇન્ડિયા, ફેસબુક, ઓએનજીસી, બેયર, એચસીએલ વગેરે જેવાં કોર્પોરેટ હાઉસની સીએસઆર પહેલો માટે ઇડીઆઇઆઇ મહિલા ઉદ્યોગસાહસિકતા અને સશક્તિકરણના ઘણાં પ્રોગ્રામ લાગુ કરે છે.